2023-10 -Amrutvaani (1258)





સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ દિવ્યવાણી આધારિત

અમૃતવાણી

Real Patidar Library

About Real Patidar books


realpatidar.com
સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ દિવ્યવાણી આધારિત
અમૃતવાણી
realpatidar.com


realpatidar.com
આદ્ય જગદ્ગુરુ શ્રી કરસનદાસજી મહારાજ
સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ
॥ ॐ श्री निष्कलंकी नारायणाय प्रसन्नोस्तु ॥
પૂ. જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજ
તીર્થધામ-પ્રેરણાપીઠ
realpatidar.com

ૐ

સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ રચિત

"અમૃતવાણી"

(સદ્ગુરુ ઉપદેશ)

પ્રકાશક

સત્પંથ પ્રકાશન સમિતિ

સનાતન સત્પંથ તીર્થધામ-પ્રેરણાપીઠ.

તા. દસક્રોઈ, જિ. અમદાવાદ - ૩૮૨૪૨૫

પ્રકાશક : સત્પંથ પ્રકાશન સમિતિ,
સનાતન સત્પંથ તીર્થધામ-પ્રેરણાપીઠ.
તા. દસક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૫

અમૃતવાણી (સદ્દ્ગુરુ ઉપદેશ)

પ્રથમ આવૃત્તિ : સંવત ૨૦૬૦, ફેબ્રુઆરી-૨૦૦૪
બીજી આવૃત્તિ : સંવત ૨૦૬૮, જૂન - ૨૦૧૨
ત્રીજી આવૃત્તિ : સંવત ૨૦૭૪, નવેમ્બર - ૨૦૧૭
ચોથી આવૃત્તિ : સંવત ૨૦૭૯, ઓક્ટોબર - ૨૦૨૩

પ્રત : ૫૦૦

મૂલ્ય :

મુદ્રક : મયુર પ્રિન્ટીંગ પ્રેસ, બારેજા.

અનુક્રમણિકા

પ્રસ્તાવના

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ઉપદેશમાં કહ્યું છે; "મુખે જપતાં પિયુ ન મળે, એ તો શિર કે સાટે હોય." તેમાં ભક્તિ કરવા માટે ભક્તને ચાર વાણી બતાવી છે. પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી. પરા વાણીનું સ્થાન નાભિમાં, પશ્યંતીનું સ્થાન હૃદયમાં, મધ્યમાનું સ્થાન કંઠમાં અને વૈખરીનું સ્થાન હોઠમાં બતાવ્યું છે. તેમજ પાંચ કર્મેંદ્રિય, પાંચ જ્ઞાનેંદ્રિય ચાર અંતઃકરણ અને ચૌદ ઈંદ્રિય દ્વારા આ હૃદયગ્રંથિ મલિન થાય છે. મન, વચન, કર્મ દ્વારા હૃદય ગ્રંથિમાં જડતા આવે છે. અહંતા, મમતા અને ઈર્ષા એ મનના ગુણો છે. જૂઠ, નિંદા અને કઠોરતા એ વાણીના ગુણો છે. ચોરી, જારી, હિંસા એ શરીરના ગુણો છે. તો આવા નઠારા દુર્ગુણોથી બચવા માટે અને હૃદયને પવિત્ર નિર્મળ કરવા માટે સદ્‌ગુરુએ કહ્યું છે કે :

"તીર્થ ત્રિવેણીમાં નાહીયે, જપીએ અજપા જાપ,
પાંચે પવિત્ર કીજીયે, તો કુળનાં જાવે પાપ."

ઈડા, પિંગલા અને સુષુમ્ણા. આ ત્રિવેણી તીર્થ કહ્યાં છે, મોહ માયાના બંધનમાંથી છુટવા માટે આ ત્રિવેણી સ્નાન બતાવ્યું છે. બગ અને હંસ, સોનું અને પિત્તળ, કાચ અને મોતીના દૃષ્ટાંતો આપી આપણને હંસવૃત્તિ ધારણ કરી જગતમાં દુર્ગુણો દૂર કરી સદ્‌ગુણો ગ્રહણ કરી જીવન જીવવા માટે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે આ "અમૃતવાણી" નામના ગ્રંથમાં આપણને ઉપદેશ આપેલો છે.

- સંપાદકશ્રી

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો ઉપદેશ

"અમૃતવાણી"

સદ્‌ગોર કહે રે; પિયુ પિયુ સબ જગ કહે,
અને પિયુ ના પાવે કોય રે,
મુખે જપંતાં પિયુ ના મળે,
એ તો શિર કે સાટે હોય રે... (૧)
સદ્‌ગોર કહે રે; શિરનાં સાટાં તે કરે,
જે રેણી જગાવે આપ રે,
જીવ લગાવે અજપા જાપ શું,
તો સાચા સરજન પાસ રે... (૨)
સદ્‌ગોર કહે રે; પિયુ પિયુ જીવ જંત કરે,
અને પિયુ ના પાવે કોય રે,
જીભે જપંતા પિયુ જો મિલે,
તો બગ જ હંસા હોય રે... (૩)
સદ્‌ગોર કહે રે; બગ હંસાનો પઠંતરો,
અને દીસે તે એક જ રંગ રે,
બગ ચરે મીન માનીયા,
હંસા ચરે રે રતન રે... (૪)

સદ્‌ગોર કહે રે; કાચ રતનનો પઠંતરો,
અને કસતાં તે પાઈએ ભાત રે,
કાચ કમાંયે તો વિષ ભર્યો,
ભાઈ રતને અજવાળી રાત રે... (૫)

સદ્‌ગોર કહે રે; સુગરા નુગરાનો પઠંતરો,
સબ સુરત એક સમાન રે,
નુગરા તો ચાહે દામકુ,
સુગરા લેવે હરિકા નામ રે... (૬)

સદ્‌ગોર કહે રે; નામ લીધામાં અંતર ઘણા,
જે પ્રેમશું પ્રીત ના લાયે રે;
ધૂળ ઉપર જેમ લીપણાં,
જેમ ફૂટા માદલ બજાયે રે... (૭)

સદ્‌ગોર કહે રે; પ્રેમ ભક્તિ તેને હ્રદયે વસે,
જે અંતર લેહ લગાયે રે,
શ્વાસો ઉશ્વાસો જાપ જપીએ,
જેમ કાને સુરતા નવ જાયે રે... (૮)

સદ્ગોર કહે રે; જેમાં ભાવ પ્રગટ્યા,
તેનાથી પ્રમાદ હોવે દૂર રે,
ત્યાં અંધારાં કયા કરે ?
જયાં સરજન, કેરાં તેજ રે...(૯)

સદ્ગોર કહે રે; બ્રહ્મ પ્રકાશે મંદિર રચીયાં,
અને બ્રહ્મ પ્રકાશે રચીયા આસમાન રે,
બ્રહ્મ માંહેથી બ્રહ્મ પ્રગટ્યા,
તેનું સદ્ગુરુ બ્રહ્મા નામ રે...(૧૦)

સદ્ગોર કહે રે; નવ લાખ વાતું ભાંખીયું,
એ તો નર નારાયણ દેવ રે,
તો લખ્યું છે વેદવાણીમાં,
એ તો વર્તમાનો હોય રે...(૧૧)

સદ્ગોર કહે રે; અમે આવ્યા એહ લોકથી,
દસો આસમાન જોઈ રે,
માયા રંગ ભોગ ત્યાં બહુ રમે,
પણ પ્રેમ થોડામાં હોય રે...(૧૨)

સદ્ગોર કહે રે; ભાગ્ય વડા તે લોકના,
જેણે કીધાં તપ, તીર્થ, વ્રત દાન રે,
સ્વર્ગ ભોગવી તે અવતર્યા,
જેણે ન ઓળખ્યા શ્રી ભગવાન રે... (૧૩)

સદ્ગોર કહે રે; ભ્રમણાએ જગ વહી રહ્યા,
અને ભટકતાં ભૂલાય રે,
જેને સાચા સદ્ગુરુ ના ભેટીયા,
તે કેમ કરી અમર થાય રે ?... (૧૪)

સદ્ગોર કહે રે; સોના રૂપા માંહે સાચ હૈ,
અને દીજે અગન કેરી કસ રે,
વિના રસાયણ ગાળીયે,
તો કેમ કરી હોએ રસ રે... (૧૫)

સદ્ગોર કહે રે; ગુરુ કે શિર ગાંઠડી,
અને સેવક કે શિર ભાર રે,
લોહા જો નાવે બેસીએ ?
તો કેમ ઊતરીયે પાર રે ?... (૧૬)

સદ્‌ગોર કહે રે; ગુરુ અંધા તેના ચેલા અંધા,
અનો દોએ ના જાણે જ્ઞાન રે,
આપ *વાંછનાનો મન હઠી,
તે તો મૂએ ન પામે મોક્ષ રે...(૧૭)

સદ્‌ગોર કહે રે; જૂઠા મરણા સબ જગ મરે,
અનો સાચા ન મરે કોય રે,
ગુરુ જ્ઞાનો વીંધ્યા જે મરે,
તેને જન્મ મરણ નવ હોએ રે...(૧૮)

સદ્‌ગોર કહે રે; સંસાર સાગર મોહજાળ છે,
અને શિર પર ભરીયેલ ભાર રે,
જો સત્યકી નાવે બોસીયે,
તો સદ્‌ગુરુ ઉતારે પાર રે...(૧૯)

સદ્‌ગોર કહે રે; નાવ કીજે હરિના નામની,
અને સાચા તે ભરીયે ભાર રે,
પવન જો ચાલે પ્રેમ કા,
તો સદ્‌ગુરુ ઉતારે પાર રે...(૨૦)

*વાંછના = ઈચ્છા, અભિલાષા, વાસના, કામના, મરજી

સદ્‌ગોર કહે રે; ભોળાવે જીવ તું ભૂલીયો,
આદ્ય બ્રહ્મા દૂજા મત જાણ રે,
જીવ પિંડના છે ધણી,
જેણે નિપાવી ચારે ખાણ રે...(૨૧)

સદ્‌ગોર કહે રે; ચારે ખાણથી જીવ તું આવીયો,
અને ભમ્યો તે બહુ અપાર રે,
પૂર્વે પુન્ય તે પોતા તણાં,
જે પામ્યો મનુષ્ય અવતાર રે...(૨૨)

સદ્‌ગોર કહે રે; મનુષ્ય દેહ પામ્યા તો કયા પાયા,
અને ના જાણ્યા મુક્તિના ભેદ રે,
માણેક મોટા તો કયા હુઆ,
જેને અંતર ન પડીયા છેદ રે...(૨૩)

સદ્‌ગોર કહે રે; મનુષ્ય દેહી તો દુર્લભ છે,
તે તો નહિ આવે વારંવાર રે,
પાત્ર પિછાણી પરિબ્રહ્મ પૂજીએ,
તો કુળનો હોય નિસ્તાર રે...(૨૪)

સદ્‌ગોર કહે રે; કાળ સીંચાણો તારે શિર ભમે,
અને મત કાંઈ બાંધો આશ રે,
દમે દમે હરિનો જપીએ,
જેમ રવિ ઉગે પ્રકાશ રે...(૨૫)

સદ્‌ગોર કહે રે; રવિ ઊગે અજવાળાં થાય,
અનો રેણીએ તો હોવે દૂર રે,
નવે ખંડ માંહે દેવ પ્રકાશીયા,
જેમ પ્રભાતો ઊગ્યા સૂર રે...(૨૬)

સદ્‌ગોર કહે રે; રવિ ઊગ્યાને સર્વે દિન કહે,
અને રેણીએ ના કહેવે કોઈ રે,
એમ સદ્‌ગુરુ થકી જીવને મોક્ષ છે,
અવરથી મોક્ષ ન હોય રે...(૨૭)

સદ્‌ગોર કહે રે; અમે આવ્યા બ્રહ્મ ઉદ્દેશથી,
અને લાવ્યા મુક્તિનો ભેદ રે,
જેનો બ્રહ્મ સદ્‌ગુરુ ભેટીયા,
તો અમર હુવા તતખેવ રે...(૨૮)

સદ્‌ગોર કહે રે; પ્રત્યક્ષ જુઓને પારખી,
જો સાચે મનો પત આયે રે,
લોહા પારસ જો મીલે,
તો પલમાં કંચન થાયે રે...(૨૯)

સદ્‌ગોર કહે રે; ઈયળ ભમરીનો પઠંતરો,
અનો લઈ મંદિરમાં જાએ રે,
ભમરીનો ચટકો ઈયળ સહે,
તો આપ સમાના થાયે રે...(૩૦)

સદ્‌ગોર કહે રે; ગંગા તે આવ્યાં બ્રહ્મ ઉદ્દેશથી,
અને લાગ્યાં તે વિષ્ણુને ચરણ રે,
અનોક નદીયું આવી મળે,
તો સર્વ હોવે ગંગા વર્ણ રે...(૩૧)

સદ્‌ગોર કહે રે; આગત્‌ ગંગા, તે તીરથ બહુ ફળે,
એ તીર્થે હોય સદ્‌ગુરુ તેજ રે,
એ પ્રભા થકી અળગા રહ્યા,
તે કેવાએ નદીયું કેરાં નીર રે...(૩૨)

સદ્‌ગોર કહે રે; ભૂત ભક્તિ સબ જગ કરે,
તે તો પડીયા મોટે ફેર રે,
જંગલે જીવ અનંત વસો,
તેને કોણ બતાવે શહેર રે...(૩૩)

સદ્‌ગોર કહે રે; જંગલે જીવ ભૂલો પડીયો,
તે કોને જઈ પૂછે રાહ રે,
એ મહાવનમાં ભોમીયો મળે,
તો તે ઠેકાણાં બતાએ રે...(૩૪)

સદ્‌ગોર કહે રે; સંસાર સૂનો જગ અંધો,
અને સૂનેસૂન પૂજાએ રે,
જો પાવૈયાનો પાનો ચડે,
તો તે જીવ અમર થાએ રે...(૩૫)

સદ્‌ગોર કહે રે; સાચા જૂઠાનાં પારખાં,
અને પારખો તે પરખણહાર રે,
મોતી જો ભાંગ્યું વીંધતાં,
તેનું મૂલ નહિ લગાર રે...(૩૬)

સદ્‌ગોર કહે રે; સાચાને શિર ચઢાવીએ,
અને કહીયે તે અંતરની વાત રે,
જૂઠાનો કોઈ પૂછે નહિ,
જેને ન જડી પિયુની વાટ રે... (૩૭)

સદ્‌ગોર કહે રે; જૂઠાનો જગ નમશે,
અનો સાચાનો મારે લાત રે,
પણ જૂઠે જૂઠા જો આવી મળે,
ત્યાં બોલે તે પાંચ ને સાત રે... (૩૮)

સદ્‌ગોર કહે રે; સભા સોહાતું સર્વ બોલે,
કોઈ ન બોલે સત્ય ધર્મ રે,
આપ વખાણે પરનિંદા કરે,
ભાઈ તેના શિરે પાપ કરમ રે.. (૩૯)

સદ્‌ગોર કહે રે; પાપ કરમ તે સર્વે ઊતરે,
ના ઊતરે પરનિંદાનો આળ રે,
પરગમન ના ઊતરે,
ના ઊતરે આપ હત્યાને બાળ રે... (૪૦)

સદ્‌ગોર કહે રે; પાંચ હત્યા તો પાપીણી,
જે શિર બોસી જાયે રે,
તે નિત્ય નિત્ય જઈ આગતુમાં મળે,
તોયે એ જીવ પાવન ન થાયે રે... (૪૧)

સદ્‌ગોર કહે રે; તપ તીર્થ વ્રત, યજ્ઞ કરે,
અને દેવે બહુ ભૂમિનાં દાન રે,
તોયે પાપ કર્મ ન એવાં ઊતરે,
ભલે કરે ગંગામાં સ્નાન રે... (૪૨)

સદ્‌ગોર કહે રે; પાંચ હત્યા તે પાપીણી,
અને લખી હોય જો લલાટ રે,
ફાટે પણ એ ફીટે નહિ,
એ તો ભોગવી છુટાએ રે... (૪૩)

સદ્‌ગોર કહે રે; અધોગતિએ જીવ અવતર્યો,
અને પડીયો તે ચારે ખાણ રે,
અધૂરેથી જો પિંડ ગળે,
તો ઊગ્યા શું જાણે ભાણ રે... (૪૪)

સદ્‌ગોર કહે રે; જન્મ અંધો તે જીવ રહ્યો,
તેની જ્યોત ગઈ બુઝાઈ રે,
પાપી પરિબ્રહ્મ પેખે નહિ,
તે શું જાણે શરણા શરણ રે ?...(૪૫)

સદ્‌ગોર કહે રે; સહસ્ર પચાસ તે ભોગવ્યાં,
અને પામ્યા તે મનુષ્યા દેહ રે,
દયા, ક્ષમા, ધર્મ જાણ્યા નહીં,
જેમ ઉનાળે ઊઠ્યા મેઘ રે...(૪૬)

સદ્‌ગોર કહે રે; નગરે નીર ખળખળ્યાં,
જઈ ભળીયાં જમના ગંગ રે,
પાપી પાવન એણી પેરે થાયે,
જો માંડે હરિ શું રંગ રે...(૪૭)

સદ્‌ગોર કહે રે; રંગ રે જેવો પતંગનો,
અને તેવો દુનિયાનો રંગ રે,
કમલ રંગ ભેદે નહિ,
તેને સર્વ દીસે કઢંગ રે...(૪૮)

સદ્ગોર કહે રે; જૂઠાં બાનાં તે પહેરે બાપડે,
અને જગમાં દેખાવે મહંત રે,
ખાએ પીએ પિંડ પોષે પોતાપણું,
પણ ન કરે જીવોની ચિંત રે...(૪૯)

સદ્ગોર કહે રે; સત્ય કા બાનાં પહેરીએ,
અને અંતર લેહ લગાયે રે,
શ્વાસ, ઉશ્વાસો આરાધીયે,
જેમ કાને સુરતા ના જાયે રે...(૫૦)

સદ્ગોર કહે રે; આપ સમાન સાચશું,
અને સત્યકા કરો શણગાર રે,
નયણે કાજલ સાચા સ્નેહકા,
પિયુકો કરો ગલેકા હાર રે...(૫૧)

સદ્ગોર કહે રે; શૂરા હોય તે શિર દેવે,
અને દેહે સામાકું ધાયે રે,
જીવ ના રાખે આપણા,
પછે મૂએ નિવેડા થાયે રે...(૫૨)

સદ્‌ગોર કહે રે; મૂઆ તે જેનાં મન મૂઆં,
અનો ધરતી સમાન આપ રે,
આ પાંચે તત્ત્વકા પૂતલા,
એ તો જપે અજપા જાપ રે...(૫૩)

સદ્‌ગોર કહે રે; જગ સારા નિર્ધન જોયા,
ધનવંતા ના દેખું કોય રે,
ધનવંતા નર તે ઓળખીયે,
જેની પ્રીત પિયુ સે હોય રે...(૫૪)

સદ્‌ગોર કહે રે; સો ધન સંચો આપ રે,
જેમાં કોઈ ન ઘાલે હાથ રે,
જનમ મરણ ગંજે નહિ,
પછી મૂએ તે આવે સાથ રે...(૫૫)

સદ્‌ગોર કહે રે; અમી પીધે વિષ ઊતરે,
જળ પીધે તરસ બુઝાયે રે,
ભોજન લીધે જેમ ક્ષુધા ભાગે,
તેમ હરિ નામે પાતક જાએ રે...(૫૬)

સદ્‌ગોર કહે રે; જૂઠી વાતો સબ છાંડીએ,
અને જીવ માંહે તે લાવો સાચ રે,
જનમ ગુમાવો પ્રેમશું,
તો પામો આપણા પિવ રે...(૫૭)

સદ્‌ગોર કહે રે; પિયુ પિયુ સબ કોઈ કરે,
બોલે જેમ મુખ વાત રે,
પિયુ પિયુ જીવજંત કરે,
પણ કોઈ ના જાણે ભેદ રે...(૫૮)

સદ્‌ગોર કહે રે; ભેદ શાસ્ત્રકા સો બુઝે,
જે કોઈ ચાલે સત્ સાર રે,
સો ઘર પોતા આપણા,
સો કદી ના આવે ફેર રે...(૫૯)

સદ્‌ગોર કહે રે; પ્રેમ પિયાસી મન વસે,
જો મન માંહી કીજે નોહ રે,
દુનિયા દુરીજન દાખવે,
તો જલ બલ હોવે ખેહ રે...(૬૦)

સદ્‌ગોર કહે રે; પ્રીત પિયુની દોહ્યલી,
પ્રેમે શું પડીયા સોળ રે,
કનક કસોટી જો આપ કરો,
તો પામો અમૂલ્ય મૂલ રે...(૬૧)

સદ્‌ગોર કહે રે; મૂલ પાયા સો માણેક ભયા,
જેનો લાગ્યા કલેજે બાણ રે,
વજ્જર વિંઝયા લાગે નહિ,
તે તો પર્વત કેરા પાણ રે...(૬૨)

સદ્‌ગોર કહે રે; પાષાણ પ્રબોધ્યા ગુણ કરે,
એથી વિપરીત નુગરા જાણ રે,
રણમે ના આવે ઢૂંકડા,
જેમ ગુણ વિનાના બાણ રે...(૬૩)

સદ્‌ગોર કહે રે; આદ્ય બ્રહ્માજી એમ બોલીયા,
એ તો સમજે તે સાચા કોય રે,
અઢી તો અક્ષર પ્રેમના,
ભાઈ પઢે સો પંડિત હોય રે...(૬૪)

સદ્‌ગોર કહે રે; પંડિત પડીયા બહોત ફેર રે,
અનો સાચા ના લીયા સોર રે,
જેમ બાહુત રાસ્તો દોડીએ,
તોમ પડીએ મોટે ફેર રે...(૬૫)

સદ્‌ગોર કહે રે; ફેરે પડે ઉનકી ફૂટી આંખ,
મંદિર માંહે કયા જોયે રે ?
સ્વામી તો ખેલે પ્રગટ્યા,
દશમા તણો મરમ ના સૂઝે કોયે રે... (૬૬)

સદ્‌ગોર કહે રે; રૂપ હમારા અટપટા,
જગત પરખી ન શકે કોયે રે,
ગુણવંતા ગુણ સાંખીએ,
જેની મૂએ કીર્તિ લખાયે રે...(૬૭)

સદ્‌ગોર કહે રે; વેશભૂષા તે સારા જગ કરે,
અનો ક્રિયા પ્રગટ દિખાયે રે,
જીભું જપતાં પિયુ ના મિલે,
સો મંદિર પિયુ ના પાયે રે...(૬૮)

સદ્‌ગોર કહે રે; પિયુ પિયુ કરતાં પિયુ ના મલે,
શિર ઉપર ભરીયા ભાર રે,
સો ખેલે મન મોકળા,
જેમ ભાંગી નાવે ન ઉતરે પાર રે... (૬૯)

સદ્‌ગોર કહે રે; ગુરુ જ્ઞાની જગમાં અતિ ઘણા,
એ પાયે ચરણામૃત આપ રે,
તો મર્મ ના જાણે મોક્ષ કા,
એ તો અદકું કરવું પાપ રે... (૭૦)

સદ્‌ગોર કહે રે; પાપ પ્રજાલીને લોઢીએ,
જો તનના ટુકડા હોય રે,
જો દમ ઊઠે નાભિ થકી,
સો દમ ના બુઝે કોય રે... (૭૧)

સદ્‌ગોર કહે રે; દમે દમે હરિને જપીએ,
અવર ચિત્ત ના લાયે રે,
ન પિયુ પઠંતરો રતી રહે,
જેમ સાયર લહેર સમાયે રે... (૭૨)

સદ્ગોર કહે રે; ભક્તિ કરે જીવડા,
જો રહેણી આવે હાથ રે,
જો દમ ઊઠે નાભિ થકી,
જ્યું પિયુ શું કરની બાત રે... (૭૩)

સદ્ગોર કહે રે; ઉજ્જડ ધામ ફીર બસે,
અને નિર્ધનીયા ધનિક હોય રે,
ગયા જોબન આવે રે,
ભાઈ મૂઆ ના જીવતા હોય રે... (૭૪)

સદ્ગોર કહે રે; શૂન પૂજીને શું કરો ?
તમે જાગતી જ્યોતને ધ્યાવો રે,
પ્રતીત ના આવે જ્યાં લગી,
તબ લગી ચોરાસી ફેરા ખાઓ રે... (૭૫)

સદ્ગોર કહે રે; વાતે વડા ન હોઈએ,
કર માળા મુખ નામ રે,
સાચ વિના જે જપણા,
જેમ ઉજ્જડ ખેડા ધામ રે... (૭૬)

સદ્‌ગોર કહે રે; સતીયા સતીયા સબ કહાવે,
પણ સતીયા તે વીરલા કોઈક રે,
સબ જગ સૂવે ને આપ જાગે,
તેને ભક્તિએ દર્શન હોય રે...(૭૭)

સદ્‌ગોર કહે રે; અડસઠ તીર્થ મેં ગયા,
અને જોયા તે દેવ અનંત રે,
જેને પ્રતીત નહિ પોતા તણી,
એ પૂજારીને પાનોં પડંત રે...(૭૮)

સદ્‌ગોર કહે રે; ઘર ઉપર જેમ દીવડા,
પણ માંહે અંધારી રાત રે,
ફોગટ ધોણા બાહારકા,
એથી હૃદય પવિત્ર ન થાય રે...(૭૯)

સદ્‌ગોર કહે રે; ગંગા જમના સરસ્વતી,
અને નાહીએ ગયા પ્રયાગ રે,
જો અંતર દાગ ના ઉખડે,
તો ભવનાં કેમ મટે પાપ રે...(૮૦)

સદ્‌ગોર કહે રે; તીર્થ ત્રિવેણીમાં ન્હાઈએ,
અને જપીએ અજપા જાપ રે,
જો પાંચે પવિત્ર કીજીએ,
તો કુળનાં જાય પાપ રે...(૮૧)

સદ્‌ગોર કહે રે; પર નિંદા તે ઘર નિંદા થશે,
જો કરો અણજાણી વાત રે,
નરકે પડે જીવ આપણા,
હોય એકોતેરસો સંગાથ રે...(૮૨)

સદ્‌ગોર કહે રે; જીભે જૂઠા ન બોલીએ,
દિલ ભીતર રાખીએ ઠામ રે,
દયા સરીખા કોઈ મિત્ર નહિ,
અંત કાળે નારાયણ નામ રે...(૮૩)

સદ્‌ગોર કહે રે; પૂર્ણ પ્રીત ત્યાં પિયુ વસે,
પણ વણ પ્રીતે તો દૂર રે,
જેમ જળ મધ્યે તો કમળ છે,
તેના અંગ ના ભેદે કોઈ રે...(૮૪)

સદ્ગોર કહે રે; ઘટમાં તીર્થ સન્મુખા,
અનો ઘટમાં ધર્મ દ્વાર રે,
જો ઘટમાં દેવળ પૂજીએ,
તો ઘટમાં જ મોક્ષ દેખાય રે...(૮૫)

સદ્ગોર કહે રે; ભાલા તો વાગે ભાવના,
અનો પડે સૌ પ્રેમ કે ઘાવ રે,
પીડા જો જાગે પિયુ શું,
તેને રેણીએ નિંદ ના આય રે...(૮૬)

સદ્ગોર કહે રે; નિંદ બિચારી શું કરે,
પણ હૈયા જો હોવે હાથ રે,
પિયુ પિયુ કરતાં રેણી જાગે,
ભાઈ પીછે તો હોય પ્રભાત રે...(૮૭)

સદ્ગોર કહે રે; પ્રભાતે રવિ જુઓ ઊગીયા,
તો નવ ખંડે હુઆ પ્રકાશ રે,
જયાં જોઈએ ત્યાં તોટલો,
એમ અંતર પિયુજી કે પાસ રે...(૮૮)

સદ્ગોર કહે રે; સોના વેચી સાજન લીજીએ,
હોય મોતી જો કેરે મૂલ રે,
તો સાજનનો કેમ છોડીએ,
ભાઈ લોકો તે કેરે બોલ રે...(૮૯)

સદ્ગોર કહે રે; હરિ તો બોલે બોલ લીજીએ,
હોએ અંતર પિયુની પિછાણ રે,
શિર કે સાટે જો હરિ મિલે,
તોય મોઘેરા મત જાણ રે...(૯૦)

સદ્ગોર કહે રે; શિર કે સાટે લીજીએ,
જો હરિ વેચાતા હોય હાટ રે,
ક્ષોણું વિલંબ ન કીજીએ,
શિર હાથું તે દીજે કાટ રે...(૯૧)

સદ્ગોર કહે રે; પ્રેમ વાડીએ ન નિપજે,
અને પ્રેમ હાટડીએ ન વેચાય રે,
પ્રેમ તો હૈયેથી ઊપજે,
એ તો હૈયડાં કોરી કોરી ખાય રે...(૯૨)

સદ્‌ગોર કહે રે; પ્રેમ રસ અતિ મીઠડા,
એનો દેખે જો કોઈ ચાખ રે,
સ્વામી જો પાવે શિર લગી,
ત્યારે હેડાં તે દેવે સાખ રે....(૯૩)

સદ્‌ગોર કહે રે; હરિ રસ જેણે ચાખીયા,
એ અવર રસ મુખે ન લાયે રે,
પ્રેમે મસ્ત તે તો માંહે રહે,
તે તો હરિ રસ બેઠા ખાયે રે...(૯૪)

સદ્‌ગોર કહે રે; મુજ વિરહણીને પિયુ મળે,
કાંઈ દાગ દીયો નવ જાયે રે,
માંસ ગળી ગળી ભોંય પડે,
ભાઈ પિંજર દેહી ગળાયે રે...(૯૫)

સદ્‌ગોર કહે રે; સતીથી સોસ કયું રહી,
ન જલી પિયુ કેરી લાયે રે,
જા જા રે મૂઈ ઘેલડી,
તું જે પ્રેમે લાજ ના આયે રે...(૯૬)

સદ્‌ગોર કહે રે; મુખે જપે પિયુનું નામ રે,
પણ હૃદયે પ્રેમ ન હોય રે,
સદ્‌ગુરુ બિચારા કયા કરે,
જેને શબ્દ બાણ ન લાગા કોય રે... (૯૭)

સદ્‌ગોર કહે રે; લીલા તે ગૈવર છાઈ રહ્યા,
એ તો પાણી તોણે સ્નેહ રે,
સુકા વૃક્ષ બિચારા કયા કરે ?
જો અખંડ વર્ષો મેહ રે... (૯૮)

સદ્‌ગોર કહે રે; ઉગો તેનો વંદીયે,
હોય વારો તેની આણ રે,
કાલે તો ભોજન જે જમ્યા,
તેના આજ તો કેવાં વખાણ રે... (૯૯)

સદ્‌ગોર કહે રે; ભૂલાવે જીવ વહી રહ્યો,
અને ભૂલ્યો તે મોહ જાળ રે,
ચોરાસી ફેરે જીવ તું આવીયો !
તોયે ન માર્યા પાંચે કાળ રે... (૧૦૦)

સદ્‌ગોર કહે રે; પાંચે કાળ જેને વશ કર્યા,
તે તો ભરી ભરી ને મૂકે પાયે રે,
સદ્‌ગુરુ સારથિ જેણે કીયા,
તો જીવ અમરાપુર જાએ રે... (૧૦૧)

સદ્‌ગોર કહે રે; દુનિયા દુરિજન દૂર કરી,
જો અંતર હરિ શું લાયે રે,
જ્ઞાન દીપક લઈ હાથમાં,
પિયુ ખોજત મંદિર જાયે રે... (૧૦૨)

સદ્‌ગોર કહે રે; દુનિયા આહે ધ્રુમાકારે,
એનો જરા ન બુજે ભેદ રે,
સૂની તો પૂજે પ્રતિમા,
ભાઈ વિત્યા તે વાંચે પુરાણ રે... (૧૦૩)

સદ્‌ગોર કહે રે; દુનિયા દોડાદોડ બહોત કરે,
અનો દર્શન ના પાવે તોય રે,
ઉજ્જડ ઘર જઈ ઊતારે,
ત્યાં ભોજન ન દેવે કોય રે... (૧૦૪)

સદ્‌ગોર કહે રે; સત્ય કી વાટે શોધીએ,
જીસ વાટે હરિ ગયા હોયે રે,
કાન ગાતા વાતા વાંસળી,
તે ગોકુળ મૂકી જ્યાં હોયે રે... (૧૦૫)

સદ્‌ગોર કહે રે; એ સાચી વાટે શોધીએ,
ચાલ્યા હોય હરિ જીસ વાટ રે,
જોતાં જોતાં હરિ લીજીએ,
પાવે તો નેહડા ઘાટ રે... (૧૦૬)

સદ્‌ગોર કહે રે; પગલે પગલે શોધીએ,
એવી લીજીએ શુદ્ધ વાટ રે,
સત્ય વિના જે જે દોડીયા,
એ તો પડીયા ચોર્યાસી ઘાટ રે... (૧૦૭)

સદ્‌ગોર કહે રે; વેળા તો આવી વખડી,
હવે ચેતો ને ચેતણહાર રે,
આપ રાખો તમે આપ શું,
ભાઈ સત્ય ચલના ખાંડા ધાર રે... (૧૦૮)

સદ્ગોર કહે રે; સત્ય તો શૂળી પર નાચના,
એ ખેલે તો ખેલણહાર રે,
સામી તો અણી એ ધસાના,
જો ભલકા ભી હોવે પાર રે... (૧૦૯)

સદ્ગોર કહે રે; કોલ હમારા સાચ હે,
એ સાચે મનો પત આય રે,
ફરી ફરી નહિ અવતારે,
એકોતેર સો સાથ જાય રે... (૧૧૦)

સદ્ગોર કહે રે; ગઈ ગઈ વાતો જે કરે,
પણ જરા ના બુઝે ભેદ રે,
એમ ચારે જુગે જીવ ભૂલીયો,
એ તો સત્ય કહે બ્રહ્મ વેદ રે... (૧૧૧)

સદ્ગોર કહે રે; સદ્ગુરુ સાચા તે તો કહીએ,
જેણે કાગળનાં કીધાં જહાજ રે,
બાર કરોડી બોઠ ચાલ્યા,
ચોવીસ ને રાખ્યા બાજ રે... (૧૧૨)

સદ્‌ગોર કહે રે; પ્રત્યક્ષ ઊગ્યા ભાણ રે,
તો ભીતર ચાંદરણા હોય રે,
સોળ કળાનું અજવાળીયું,
તેની બુઝે રસાયણ કોય રે... (૧૧૩)

સદ્‌ગોર કહે રે; કલિયુગ આવ્યો વખડો,
અને વેળા તે વહી વહી જાય રે,
પેટ સામી કોઈ પ્રીત નહિ,
કોઈ કેને ન દેવે કાંય રે... (૧૧૪)

સદ્‌ગોર કહે રે; કલિયુગ માંહે કોઈ થર નહિ,
એ તો થર નહિ નિર્વાણ રે,
પણ થર વિના જો ચલના,
તે તો માર ખાશે મેદાન રે... (૧૧૫)

સદ્‌ગોર કહે રે; રસાયણ સારી સત્યકી,
અને સત્યશું ચાલ્યા જાઓ રે,
પણ સત્ય વિના જો ચલના,
તો બહુ બહુ ફેરા ખાઓ રે... (૧૧૬)

સદ્‌ગોર કહે રે; કલિયુગ માંહે અથર્વવેદ હે,
અનો થર નહિ સંસાર રે,
જે વેદનો વાયકે ચાલીયા,
તો તરીનો ઉતર્યા પાર રે... (૧૧૭)

સદ્‌ગોર કહે રે; પાંચ કરોડ કર્તા યુગે તર્યા,
જે હોળીએ સિંચાણા આપ રે,
જેણે સદ્‌ગુરુ પૂરા સેવીયા,
તેણે મન શું ન ખાધી થાપ રે... (૧૧૮)

સદ્‌ગોર કહે રે; ત્રેતા એ હરિચંદ્ર આવીયા,
તો સીધ્યા કરોડ સાત રે,
સતીયાએ સેવ્યા સ્વામી એક મના,
તો કરતા સત્યની વાત રે... (૧૧૯)

સદ્‌ગોર કહે રે; દ્વાપર યુગે નવ કરોડ તાર્યા,
જયાં પાંડવે ગળાવી દેહ રે,
તેણે સત્ય રાખ્યા આપણા,
હરિશું છાના રાખ્યા નેહ રે... (૧૨૦)

સદ્‌ગોર કહે રે; કલિયુગે સદ્‌ગુરુ બ્રહ્મા આવીયા,
અનો સાચા તે કરોડ બાર રે,
જેનો સાચા સદ્‌ગુરુ સેવીયા,
તે તો ઊતરી ગયા ભવ પાર રે... (૧૨૧)

સદ્‌ગોર કહે રે; અમે આવ્યા બ્રહ્મલોકથી,
અનો દેખંતા ભુવન સાત રે,
રંગ ભોગ પદ ત્યાં બહુ મળે,
પણ નહિ કોઈ અમર જાત રે... (૧૨૨)

સદ્‌ગોર કહે રે; સોના સુવર્ણ પૂતળી,
દીસો તો ઝાકમ ઝોળ રે,
પિયુ પાયા જેણે પ્રેમશું,
પામ્યા તે અમર માહોલ રે... (૧૨૩)

સદ્‌ગોર કહે રે; સદ્‌ગુરુ સહદેવ મુખે બોલીયા,
તમે સુણો મુનિવર વીર રે,
સદ્‌ગુરુ વચન પૂરાં જેણે સેવીયાં,
તો સુફલ પાયા મોક્ષ રે... (૧૨૪)

સદ્ગોર કહે રે; સદ્ગુરુ સમંદર બેલીયા,
અનો સાંસાર લહેરે પુર રે,
સદ્ગુરુ બોલીયે બૈઠ ચલે,
ઉપર વરસન લાગ્યાં બ્રહ્મ તેજ રે... (૧૨૫)

સદ્ગોર કહે રે; જો દમ ઊઠે નાભિ થકી,
અવર ચિત્ત ન લાયે રે,
જપો તપો જે જાગીયા,
તો જીવ વૈકુંઠ જાયે રે... (૧૨૬)

સદ્ગોર કહે રે; બાહેર દીસે ઉજલા,
મુખે બોલે મીઠી વાત રે,
કહેણી કહે પણ રહેણી નહીં
જેમ કુસુંબી ભાત રે... (૧૨૭)

સદ્ગોર કહે રે; અંતર નહીં હરિશું,
ઘટ જો નિર્મલ હોય રે,
કસ્તારે ભરાણી આરસી,
મુખ ન દેખે કોય રે... (૧૨૮)

સદ્‌ગોર કહે રે; પ્રીત લાગી તે કેમ જાણીયે,
જેણે પાંચે તત્ત્વ કીધાં વશ રે,
કામ ક્રોધ જેણે વશ કર્યા,
તેના તન ચઢીયા કશ રે...(૧૨૯)

સદ્‌ગોર કહે રે; પ્રીત લાગી તે કેમ જાણીયે,
જ્ઞાન હૃદયમાં ભાગે ભ્રાંત રે,
પગલે પગલે ડરી ચાલીયા,
તો પિયુ શાનો શરમ રે...(૧૩૦)

સદ્‌ગોર કહે રે; મૂરખનો પરબોધતાં,
જ્ઞાન ગાંઠનું જાય રે,
ટપલે પથ્થર સારાણીએ,
તો આરસી કદી ના થાય રે...(૧૩૧)

સદ્‌ગોર કહે રે; સાચ ન છુપે બાવલે,
જો છુપાવે કોય રે,
ચંદ્રકો ઢાલે ઢાંકીયે,
ક્ષણું ક્ષણું પ્રગટ હોય રે...(૧૩૨)

સદ્ગોર કહે રે; જૈસા જૂઠા ખ્યાલ હૈ,
તૈસા આ સંસાર રે,
આવતાં તો આવે જોરમાં,
તેને જાતાં ન લાગે વાર રે... (૧૩૩)

સદ્ગોર કહે રે; મોક્ષ માર્ગ તો દોહેલા,
ચલના ખાંડા ધાર રે,
શૂળી ઉપર ખેલના,
કોઈ ખેલે ખેલનહાર રે... (૧૩૪)

સદ્ગોર કહે રે; સંસાર ભૂલ્યો શોધતાં,
ગયા તો યુગ ચાર રે,
જેણે હરિ પાયા પ્રગટા,
તો ઉતરી ગયા પાર રે... (૧૩૫)

સદ્ગોર કહે રે; ભક્તિ કારણ શિર મૂંડાવીયા,
પહેરી ટોપી માલ રે,
પિંડ પખાળી ચહુદિશ નિહાળે,
પણ કર્મે કાળાને કાળા જ રે... (૧૩૬)

સદ્‌ગોર કહે રે; દર્પણ ધરેને ટીલાં કરે,
પિંડ શણગારે સાર રે,
ભૂખે અજ્ઞની આશ પ્યારી,
તે આવશે ચોર્યાસી માર રે... (૧૩૭)

સદ્‌ગોર કહે રે; ધણી આગળ ઝુંકણા,
મુહ ઉપર ઝટકા ખાય રે,
અંગે અંગ વીંધાવ્યા,
પાછા ન ખેંચે પાય રે... (૧૩૮)

સદ્‌ગોર કહે રે; પ્રીત પિયુકી દોહલી,
ચલના ખાંડા ધાર રે,
શીશ ઊતારી ખેલીયે,
કોઈ ખેલે ખેલનહાર રે... (૧૩૯)

સદ્‌ગોર કહે રે; પ્રીત પિયુકી સોહેલી,
જો હોવે દઢ વિશ્વાસ રે,
આપ જ ચાલે આપણું,
તેણે અમરાપુરીનો વાસ રે... (૧૪૦)

સદ્‌ગોર કહે રે; પ્રીત પિયુકી જે સમજે,
જે કોઈ જાણે આપ રે,
પ્રભુ આવ્યા વીણ સહેજ જાગીયા,
તેનાં સર્વ જનમનાં લોપે પાપ રે... (૧૪૧)

સદ્‌ગોર કહે રે; પઢીયા તેની ફૂટી આંખ,
સો જલબલ હોવે ખેહ રે,
નવશા ચોર પરગટા,
તેના મરમ ન બુઝે કોય રે... (૧૪૨)

સદ્‌ગોર કહે રે; મુનિવર મુનિવર સબ કોઈ કહે,
મુનિવરના ભેદ ન જાણે કોય રે,
જે આપ ગળે ગુરુની વાચા પાળે,
સાચા તે મુનિવર સોય રે... (૧૪૩)

સદ્‌ગોર કહે રે; સાચા પંથ એહી સતકા,
સાચા એહી શરીર રે,
જે કોઈ ચાલે સત વીના,
તો પડશે મોટે ફેર રે... (૧૪૪)

સદ્‌ગોર કહે રે; જૈસા દૂધ માંહે ઘૃત હૈ,
તૈસા તુજ માંહે પ્રાણ રે,
ઐસા જગ માંહે સ્વામી વસો,
સબ ઘટ વ્યાપક જાણ રે... (૧૪૫)

સદ્‌ગોર કહે રે; એરણના ઘાવ હીરા સહે,
તોના માંહે ગઢી જાય રે,
મુનિવર એવા થઈ રહીયે,
જેમ નમક પાણી માંહે ઘુલી જાય રે... (૧૪૬)

સદ્‌ગોર કહે રે; ધીર ધરો રે મુનિવરો,
ધીરેથી સબ કુછ હોય રે,
માળી સીંચે સો ઘડા,
પણ ઋતુ વિના ફળ ન હોય રે... (૧૪૭)

સદ્‌ગોર કહે રે; જૈસા તીલ માંહે તેલ હૈ,
અને કાષ્ટ માંહે અગ્નિ જાણ રે,
ઐસા દૂધ માંહે ઘૃત હૈ,
પણ મંથે તો પરગટ જાણ રે... (૧૪૮)

સદ્‌ગોર કહે રે; સરજનહાર જગના દાતાર છે,
તે પૂર્ણ કરે સહુ કોઈની આશ રે,
દૂરના દેખો તારા દિલ માંહે વસે,
જેમ છુપા હૈ ફૂલ માંહે વાસ રે... (૧૪૯)

સદ્‌ગોર કહે રે; અગર જલતા ગુણ કરે,
અનો ચંદન ઘસીનો જોય રે,
અવગુણ ઉપર ગુણ કરે,
બલિહારી પ્રભુ કહે તોય રે... (૧૫૦)

સદ્‌ગોર કહે રે; જબ લગ તનમાં પ્રાણ હૈ,
તબ લગ ચેતો મારા વીર રે,
નિત નિત જપ-તપ થકી જાગીયે,
એમ કહે સદ્‌ગુરુ દેવ રે... (૧૫૧)

અગોચરી

(ભજન)

પહેલા સરજ્યા સ્વામીએ સત્,
સત્ કેડે સરજ્યા દત્ત,
દત્ત કેડે સરજી ક્ષમા,
ક્ષમા કેડે સરજ્યા ગજા,
ગજા કેડે સરજ્યા શેષનાગ,
શેષનાગ કેડે સરજ્યા ધબળા ધોરી,
ધબળા ધોરી કેડે સરજી રાઈ,
એની પોરે થઈ મૂળ મંડાઈ.
સુણો અગોચર સ્વામી...
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું અહીં.
શેમાંથી તમે સરજ્યું સત્ ?
શેમાંથી તમે સરજ્યું દત્ત ?
શેમાંથી તમે સરજી ક્ષમા ?
શેમાંથી તમે સરજ્યા ગજા ?

શેમાંથી તમે સરજ્યો શેષનાગ ?
શેમાંથી તમે સરજ્યો ધબળો ધોરી ?
શેમાંથી તમે સરજી રાઈ ?
કઈ પેરે થઈ મૂળ મંડાઈ ?
સુણો અગોચર સ્વામી...
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું અહીં.
સંતોષ માંહેથી સરજ્યું સત્,
દયા માંહેથી સરજ્યું દત્ત,
ખૂબી માંહેથી સરજી ક્ષમા,
શરીર માંહેથી સરજ્યો શેષનાગ,
ધરમ માંહેથી સરજ્યો ધબળો ધોરી,
રેખા માંહેથી સરજી રાઈ,
એણે પેરે થઈ મૂળ મંડાઈ,
સતી હોય તેને સતી જ કહીએ,
સતીએ સરજ્યા જોગી જતી,
સતેથી સતીએ રાખ્યાં શીલ,

સતે શૂરો રણમાં લડે,
સતે શૂરો દેવે દાન,
સતે લેવાય શ્રીહરિનું નામ,
એક સત્ તે સાત શીલ જેવું,
સત્‌ની સંગત આપણે લેવી.

સુણો અગોચર સ્વામી...
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું અહીં.

સાત શીલ તે કીયાં કીયાં ?
સ્વામી સુણો અગોચર,
તો વાતનો તો દઉં ઉત્તર,
પહેલું શીલ એ ચાલતાં નમ્યા,
બીજું શીલ તે કરવી ક્ષમા,
ત્રીજું શીલ એ સખાવત દાતારપણું કરવું,
ચોથું શીલ એ હરિનું હૃદયે નામ જ ધરવું,
પાંચમું શીલ એ આગત્ગંગામાં ન્હાવું,

છઠ્ઠું શીલ એ મંદિરમાં દર્શન કરવા જાવું,
સાતમું શીલ આપણા ધરમનો ધાવું,
અલખ નિરંજન બોલ્યા એમ,
સાત શીલ વિના કરશો કેમ ?
દયા માંહેથી સરજ્યું દત્ત,
જેની કોઈ ન જાણે ગત્,
દયા વિના ન સૂઝે ધરમ,
દયા વિના શી આપવી શરમ ?
દયા મનામાં એવું ધારે,
દયા આપણો જીવ ઉગારે,
એક દયા તે સો ધરમ જેવી,
દયાની સંગત આપણે લેવી,
સુણો અગોચર સ્વામી...
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું અહીં.

સો ધરમ તો કીયાં કીયાં ?
સ્વામી સુણો અગોચર,
તો વાતનો દઉં ઉત્તર,
સો ધરમ જે એક ધરમે પરણાવે દીકરી,
બાવન ધરમ તેવી એક ક્રીયા,
તેવા સો ધરમનો ભર્યો છે દરીયા,
અલખ નિરંજન બોલ્યા એમ,
સો ધરમ વિના કરશો કેમ,
ખૂબી માંહીથી સરજી ક્ષમા,
ભાર તજી જે પ્રભુનો નમ્યા,
ક્ષમા સરખું નહીં કોઈ ધન,
ક્ષમા સરખું નહીં કોઈ હીર,
ક્ષમા કરે તેનો કહે સધીર,
ક્ષમાનો ઘેર ખૂબી વસો,
આપો ઝગડો તો અળગો થશે,
એક ક્ષમા તો અડસઠ તીર્થ જેવી,
ક્ષમાની સંગત આપણે લેવી સહી,

સુણો અગોચર સ્વામી...
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું અહીં.
અડસઠ તીરથ કો કીયાં કીયાં ?
સ્વામી સુણો અગોચર,
તો વાતનો દઉં ઉત્તાર,
પહેલું તીરથ તો માતા,
બીજું તીરથ તો પિતા,
ત્રીજું તીરથ તે જ્યોત પ્રમાણે જાણ,
એ અડસઠ તીરથનું કહ્યું પ્રમાણ,
એ તીરથ કાઢો ગોતી,
તો ચૌદ ભવનમાં કીયું મોટું મોતી,
એ મોતીએ ન જાણવા ફંદ,
ત્યાં સાત સુખ ને નાવે નંદ,
ત્યાં વખાર ભરી બો-ચાર,
એ નંદને પૂછવું હોય તો કાળ રતી મનમાં ન રાખ,
સાત સમુદ્રને બાર રતન તારા તનમાં વસે,

જો એ વસાવવું હોય તો,
તો મોતી શ્રીહરિનું નામ,
અલખ નિરંજન બોલ્યા એમ,
મોતી વિના કરશો કેમ ?
જ્ઞાન માંહેથી સરજી ગજા,
સૌથી મોટી ધરમની ધજા,
જ્ઞાન વિના વાંચે વેદ,
તે જ્ઞાન વિના ન જડે ભેદ,
જ્ઞાન વિના હંસા (જીવ) ન રહે થર,
તો જ્ઞાન વિના ન મળે ઈશ્વર,
જ્ઞાન વિના અજ્ઞાની થઈ જઈએ,
તો આવા જ્ઞાન ને કેમ મેલી દઈએ,
અલખ નિરંજન બોલ્યા એમ,
જ્ઞાન વિના કરશો કેમ ?
નેકી વિના ન્યાય ન થાય,
નેકી વિના વચન આપણું જાય,

નોકી અવર જાતમાં કરે ભલાઈ,
નોકી તો એક સદ્‌બુદ્ધિની સગાઈ,
એક નોકી તો સાત સગપણ જેવી,
નોકીની સંગત આપણે લેવી,
સુણો અગોચર સ્વામી,
અરજ કરું શીશ જ નામી,
એક અરજી તો પૂછું અહીં.
સાત સગપણ તો કીયાં કીયાં ?
સ્વામી સુણો અગોચર તે વાતનો દઉં ઉત્તર,
પહેલું સગપણ જે તારી માળા,
બીજું સગપણ જે સદ્‌ગુરુ પાયા,
ત્રીજું સગપણ જે ધરમ ભાઈ,
ચોથું સગપણ જે કુટુંબ સર્વે સુપાત્રની સગાઈ,
પાંચમું સગપણ જે પ્રેમે સરજ્યું નામ,
છઠ્ઠું સગપણ જે ધરવું ધ્યાન,
સાતમું સગપણ જે એવું કરીએ ઉત્તમ કામ,

અલખ નિરંજન બોલ્યા એમ,
સાત સગપણ વિના કરશો કેમ ?
શરીર માંહેથી સરજ્યો શેષ નાગ,
દેહ (શરીર)ના કીધા દોએ ભાગ,
જમણે પાસો સ્વામી વસો,
ડાબો પાસો કાળ જ હશે,
બોતેર કોઠા નવસો નાડી,
કાયા ઘડ (ગઢ)નો સુણો વિચાર,
સોળસો સાંધે રચ્યું શરીર,
હંસરાજા (જીવ) રહે એણી પેર,
બત્રીસ બોલી મુખે વસો,
ત્યાં હજૂરી ચાકર જિભ્યા નારી હશે,
જે જિભ્યા નારી તેને વેદ જ્ઞાનથી વાળી,
હંસરાજા રે નગરનો હુકમ કહીએ,
એક દિન એવું શેર (શરીર) પણ મેલી દઈએ,

અલખ નિરંજન બોલ્યા એમ,
ધરમ વિના તમે કરશો કેમ ?
ધરમ માંહેથી સરજ્યો ધબળો ધોરી,
ધરમ જીવન એ જાણવું ધબળો ધોરી,
એવા ધરમ ન દઈએ મેલી,
ધરમ કરીએ તો આપણો બોલી,
લઈએ દઈએ આપણે હાથે,
આપો એકલા શેનો મરીએ,
તો શ્રીહરિનો સથવારો કરીએ,
અલખ નિરંજન બોલ્યા એમ,
મનખા વિના કરશો કેમ ?
આ વાતો તે વિનવી સહી,
ખોટીયું તો જાણવી નહીં,
મોત વિના તો મરવું નહીં,
અને પંચ વારે ત્યાં વરવું સહી,
સો વાતની કીધી સહી,
અગોચરી તો સંપૂર્ણ થઈ.

શ્રી સદ્‌ગુરુ વાણી

પરબ્રહ્મને પૂર્ણ ઓળખ્યા

પરબ્રહ્મને પૂર્ણ ઓળખ્યા, મેં તો સુરતા શું કર્યા પ્રણામ રે,
બ્રહ્મ રસ લાગે મીઠડો, મારા અંગ ઉલટ ન માય રે. સદ્‌ગુરુ.-૧

જ્યોત પ્રકાશીને તેજ કર્યા, તે તો તેજમાં તેજ સમાય રે,
અખંડ જ્યોત ત્યાં જળહળે, નાભિ કમળથી કર્યો વિસ્તાર રે. સદ્‌ગુરુ.-૨

બાર કળા તો બ્રહ્માજીની કહીએ, મેં તો પ્રત્યક્ષ દીઠા છે તેજ રે,
સોળ કળા વિષ્ણુ નર કહીએ, તે જ્યોતમાં સમાય રે. સદ્‌ગુરુ.-૩

પાંચ તત્ત્વની કાયા કરી, નવ ખંડમાં કીધા વિસ્તાર રે,
કલિજુગમાં બ્રહ્મા વિષ્ણુ આવીયા, સેવકોને દેવા દર્શન રે. સદ્‌ગુરુ.-૪

ઈડા પિંગલા સુષુમણા, તે તો ચઢીયા ત્રિવેણી ઘાટ રે,
ત્રિવેણી સંગ્રામમાં નાહીએ તો, દસમે પામ્યા છે દર્શન રે. સદ્‌ગુરુ.-૫

સત્તરમી કળાના તો તેજ જ્યાં, તે તો પિંડ સ્વરૂપી કહેવાય રે,
દસમે દર્શન તે જઈ મળ્યા, તે તો પામ્યા છે અમર પદ રે. સદ્‌ગુરુ.-૬

કહે સદ્‌ગુરુ હંસતેજજી સાંભળો, એમ બોલ્યા છે અમૃતવાણી રે,
સદ્‌ગુરુ બ્રહ્માને ઓળખ્યા, મેં તો સુરતા શું કર્યા પ્રણામ રે.

નર નાથના ઘરની ખબર ન જાણી.

નર નાથના ઘરની ખબર ન જાણી, સંસારમાં જીવ ભૂલ્યા રે, ટેક.
પાંચ તત્ત્વકા મહેલ બનાયા, ત્રિગુણ કીધા પ્રકાશ રે,
સંસાર સાગર મહાજળ ભરીયા, પ્રાણી તેના માંહે બૂડો રે.

નાભિ કમળથી દમ ઊઠત હૈ, સ્મરણ શ્વાસ ઉશ્વાસ રે,
શિવશક્તિ કા મેળા કરના, બંકનાળ રસ પીના રે.

બંક નાળનો માર્ગ વાંકો, ચઢે જો વીરલા કોય રે,
જેને સદ્‌ગુરુ પૂરા મળીયા, સોહી ઘરમાં જાવે રે.

ગંગા યમુના દો દિશ વહેતી, વચમાં ભાગ સરસ્વતી કા,
ત્રિવેણી ઉપર સ્નાન કરના, શૂનમાં ધૂન લગાઈ રે.

ગગન મંડળમાં ગેબી ગુપત હે, અનહદ વાજાં વાગે રે,
ભ્રમર ગુફાના ઘાટ માંહે, અવિચળ વસ્તુ જડી રે.

કહે સદ્‌ગુરુ હંસતેજજી સુણો વીરાભાઈ, રેણી દિવસ જાગો રે,
સ્વર્ગ ભુવનમાં તે નર જાશે, જનમ મરણ મટી જાશે રે.

દિલ તું ક્યા દેખત હૈ દૂર

દિલ તું ક્યા દેખત હે દૂર, હૃદયમાં પિયુ છે હાજરા હજૂર - ટેક.
લીખા લેખ સો નહીં મિટને કા, કયા મરતા ઝૂર ઝૂર,
ખબર વિના કૈં નર ખપ ગયે, માયાથી મજબૂર. - દિલ તું. - ૧

ગુરુ વિના જ્ઞાન કથે બહુ તેરા, ભેદ ન સમજે અબુજ,
તુહી તુહી તો હરદમ બોલો, ભિતર હૈ ભરપૂર. - દિલ તું. - ૨

નાભિ કમળસે નેહ લગાવો, સુરત ઉજાસ મજબૂત,
શ્વાસ ઉશ્વાસ શબ્દકુ પકડો, મીટે જન્મકી ભૂલ. - દિલ તું. - ૩

પ્રેમ પિયુસે પીવો પ્યાલા, પ્રેમ ચઢે ચકચૂર,
ઉલટા સુલટા જઈ અસમાના, શૂનમે ઊગા સૂર. - દિલ તું. - ૪

અનહદ્દ વાજાં ભીતર બાજે, નિર્મળ વરસે તેજ,
ચંદ્ર સે જ્યોત કરે ચમકારા, અનહદ વરસે તેજ. - દિલ તું. - ૫

આરે કાયામાં ખુલી કલીયાં, કંઈક હજાર ભરપૂર,
માયા કે માંય ન્યારો કે ન્યારોં, જળમાં કમળનું ફૂલ-દિલ તું. - ૬

કહેત સદ્‌ગુરુ હંસતેજજી પ્રભુને ભજી લ્યો, દીધેલ વચન પાળોને અતૂલ,
જબ પાલનકી ચાવી પાવે, એ વસ્તુ છે અમૂલ-દિલ તું. - ૭

અજપા તણું હરદમ ધરીએ ધ્યાન

અજપા તણું હરદમ ધરીએ ધ્યાન,
ધ્યાન ધરીને મન વશ રાખો, ભાઈ પરબ્રહ્મની લઈએ શાન.


શાન પરબ્રહ્મની લઈ ઘટ માંહે રહીયે, નિશ્ચલ થઈને ધરીયે ધ્યાન,
ગુપ્ત ઘટ માંહે સુમરણ કરજો, કોઈ ના સુને કાનો કાન.

ઈડા પિંગલા સુષુમણા નાડી, ત્રિવેણી ઉપર મકાન,
ભ્રમર ગુફા ઉપર પરગટ બૈઠો, તાહાં જઈ ખોલો નિશાન.

નિશાન ખોલો તો દર્શન કર લો, મીટ જાવે ચૌર્યાશીનું ચિન્હ,
જનમ મરણ કા સર્વે ભય ભાગે, બૈઠા પીવો અમૃત માન.

અમૃત પીવે તો જુગો જુગ જીવે, વૈકુંઠમાં પાવે તે માન,
સ્વામી હું છું દાસ મને દર્શનકી આશ, વિનંતી મારી ધરજો માન.

કહેત સદ્‌ગુરુ હંસતેજજી સુણો મોરા ભાઈ, તેજ સ્વરૂપનું ધરવું ધ્યાન,
કર જોડીને તમે પ્રભુને વિનવો, ગુરુ પ્રસાદે ઉતારો પાર.


realpatidar.com
दशम् कल्कि अवतार श्री निष्कलंकीनारायण भगवान मंदिर
realpatidar.com

સત્ય વસ્તુ તે હંમેશાં સત્ય છે. જગતની માયા સત્ય નથી. માયાનો વ્યવહાર, તેના કર્મનો વ્યવહાર એ તો મિથ્યા જ છે. એ મિથ્યા હોવા છતાં પણ મનુષ્ય એ વ્યવહાર સત્ય છે એમ જ માને છે. મનુષ્ય તે વ્યવહારને પોતાનો માની છળકપટમાં તત્પર રહે છે. મોહના લીધે માયાનો આ બધો વ્યવહાર મનુષ્યને સત્ય લાગે છે. પણ જ્યાં સુધી તે અભિમાન છોડતો નથી અને પરબ્રહ્મનું સત્ય સ્વરૂપ ઓળખતો નથી ત્યાં સુધી તેને સાત્ત્વિક સુખ મળતું નથી. તેથી મનુષ્યએ પરમાત્માના સત્ય સ્વરૂપને જાણવાની જરૂર છે.

:પ્રકાશક:
સત્પંથ પ્રકાશન સમિતિ

શ્રી નિષ્કલંકી નારાયણ તીર્થધામ - પ્રેરણાપીઠ
તા. દસક્રોઈ, જી.અમદાવાદ, ગુજરાત